પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮૦ | ૯ સપ્ટેમ્બર, ૨૦૧૭, શનિવાર ; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રામરહીમના ડેરામાં સર્ચ ઓપરેશન

## વ્યાપક સર્ચ ઓપરેશનમાં બે રૂમ રોકડથી ભરેલા મળ્યા : ૮ કોમ્પ્યુટર, હાર્ડડિસ્ક, પ્લાસ્ટિકના સિક્કા જપ્ત



સિરસા, તા. ૮

રેપના મામલામાં સજા પામેલા વિવાદાસ્પદ ગુરમીત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના હેડક્વાટર્સમાં વ્યાપક સર્ચ ઓપરેશન દરમિયાન અનેક ચીજવસ્તુઓ મળી આવી હતી. આમાં ટીવી પ્રસારણ સાથે જોડાયેલી ઓબી વેન, નંબર વગરની લેક્સસ કાર, લેબલ વગરની બ્રાન્ડેડ દવાના જથ્થાનો સમાવેશ થાય છે. સાથ સાથે મોટી માત્રામાં રોકડ રકમ, કોમ્પ્યુટર, હાર્ડડિસ્ક અને મોબાઈલો કબજે કરવામાં આવ્યા છે. તપાસ દરમિયાન બે રોકડ ભરેલા મળી આવ્યા છે. જેને સીલ કરી દેવામાં આવ્યા છે. ડેરા હેડક્વાટર્સની પાસે બજારમાં પ્લાસ્ટિકના બનેલા સિક્કા પણ મળી આવ્યા છે. આ સિક્કા ૧૦ રૂપિયાથી લઈને અલગ અલગ મુલ્યોના છે. સમગ્ર તપાસ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ જ તપાસ કરનાર અધિકારીઓ કોઈ તારણ પર પહોંચી શકશે કે સિક્કાનો ઉપયોગ ક્યા પ્રકારથી કરવામાં આવતો હતો. સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદાના વિશાળ મુખ્ય વડામથકને ખતરામુક્ત બનાવી દેવાના ઈરાદા સાથે આજે સવારે વ્યાપક સર્ચ કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# વિશાળ ડેરા સંકુલમાં બજાર, હોસ્પિટલ તેમજ સ્ટેડિયમ છે

**ડેરા સંકુલ ૮૦૦ એકરમાં ફેલાયેલું છે : ડેરાને ખતરામુક્ત બનાવવાના હેતુસર તપાસ કામગીરી પ્લાસ્ટિક કરન્સીના ઉપયોગને લઇ ઉંડી ચકાસણી**



સિરસા, તા. ૮

રેપના મામલામાં સજા પામેલા ગુરમિત રામ રહીમના સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદા હેડક્વાર્ટર પર તપાસ કામગીરી દરમિયાન ચોંકાવનારી વસ્તુઓ મળી આવી હતી. બળાત્કારના કેસમાં ડેરા પ્રમુખ ગુરમિત રામ રહીમને દોષિત જાહેર કરવામાં આવ્યા બાદ અને ૨૯મી ઓગસ્ટના દિવસે બાબાને ૧૦-૧૦ વર્ષની સજા ફટકારવામાં આવ્યા બાદ ડેરા સચ્ચા સૌદા હેડક્વાર્ટરને લઈને ચર્ચાઓનો દોર શરૂ થયો હતો અને તેની વિશેષતાઓની ચર્ચા પણ ચાલી હતી. સિરસા સ્થિત ડેરા સચ્ચા સૌદા હેડક્વાર્ટર સંકુલ ૮૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલું છે જેમાં અતિ આધુનિક તમામ સુવિધાઓ રહેલી છે. આમા શૈક્ષણિક સંસ્થાઓ, બજાર, હોસ્પિટલ, સ્ટેડિયમ, આવાસ સંકુલનો સમાવેશ થાય છે. આ તમામ સુવિધાઓ ઉપરાંત વિશ્વની તમામ ખુબસુરત જગ્યાઓ પૈકીની જગ્યાઓ પણ બનાવવામાં આવી છે. અતિઆધુનિક અને કિંમતી સુવિધાઓ રુમમાં રહેલી છે. જેને જોઈને કોઈપણ અબજોપતિ લોકો પણ ચોંકી શકે છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીના ગુરૂગ્રામમાં બાળકની હત્યા

દિલ્હી પાસે આવેલ ગુરૂગ્રામની રિયાન ઈન્ટરનેશનલ શાળાના શૌચાલયમાંથી ૭ વર્ષના વિદ્યાર્થીનુ શબ મળી આવ્યુ છે. પ્રાથમિક તપાસ અનુસાર આ બાળકની હત્યા ગળુ દબાવીને કરવામાં આવી હતી.

### ટીઆરએસના ધારાસભ્યને ભારતીય નાગરિકતા નહી મળે

તેલંગાણા રાષ્ટ્ર સમિતિના એક ધારાસભ્ય રમેશ ચેન્નામનેનીને ભારતીય નાગરિકતાથી હાથ ધોવા પડ્યા છે. તેમની પાસેથી જર્મનીનો પાસપોર્ટ મળી આવ્યો છે. તેમના પર નકલી દસ્તાવેજો દ્વારા ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરવાનો આરોપ છે.

### તેજસ્વી યાદવનો સરકારી બંગલો ખાલી કરવાનો ઈન્કાર


આરજેડીના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવના પુત્ર તેજસ્વી યાદવે પટણામાં તેમને ફાળવવામાં આવેલ સરકારી બંગલાને ખાલી કરવાનો ઈન્કાર કર્યો છે.

### દમણના સાંસદના પત્નિ અને પુત્ર વોન્ટેડ જાહેર

વિદેશી શરાબ વેચવાના આરોપસર દમણના સાંસદ લાલુ પટેલના પત્નિ અને પુત્રને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. તેઓ છેલ્લા કેટલાક દિવસોથી ફરાર છે.

# મેક્સિકોમાં સદીનો ભયાનક ભૂકંપ

**અનેક મકાનો અને ઇમારતો પત્તાના મહેલની જેમ ધરાશાયી : મેક્સિકોમાં છેલ્લા ૧૦૦ વર્ષના ઇતિહાસમાં સૌથી પ્રચંડ ધરતીકંપ : સુનામી મોજા ઉછળ્યા : મેક્સિકો શહેર અને ગ્વાટેમાલામાં પણ દહેશત**



મેક્સિકો સિટી,તા. ૮

દક્ષિણી મેક્સિકોમાં આજે સવારે આઠની તીવ્રતા સાથે પ્રચંડ ધરતીકંપનો આંચકો આવ્યો હતો. જેના કારણે લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. પ્રચંડ ભૂકંપના કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને શ્રેણીબદ્ધ સુનામી મોજા ઉછળ્યા હોવાના અહેવાલ મળ્યા છે. મેક્સિકો શહેર અને ગ્વાટેમાલા શહેર સુધી ભૂકંપના આંચકા લોકોએ અનુભવ્યા હતા. મેક્સિકોના પ્રમુખ પેનાનિટોએ કહ્યું છે કે, છેલ્લા ૧૦૦ વર્ષના ઈતિહાસમાં મેક્સિકોમાં સૌથી શક્તિશાળી ભૂકંપનો આંચકો અનુભવાયો છે. આંચકો આવ્યો ત્યારે મોટાભાગના લોકો ઉંઘમાં હતા. ભૂકંપથી સૌથી વધુ અસરગ્રસ્ત પ્રાંતોમાં સિયાપાસનો સમાવેશ થાય છે.

નેટોએ કહ્યું છે કે, સિયાપાસમાં બે અને તબાસ્કોમાં બેના મોત થયા

● અનુસંધાન પાન-૭ પર

# પાટીદાર અનામત આંદોલનના નેતા હાર્દિક પટેલને શરતી જામીન

**બાંભણીયાને પણ જામીન : પાટણ સેશન્સ કોર્ટે આખરે જામીન મંજૂર કર્યા : હુકમમાં કેટલીક આકરી શરતો**



અમદાવાદ,તા. ૮

પાસના નેતા હાર્દિક પટેલ સહિત સાત જણાં વિરૂધ્ધ પાટણ ખાતે નોંધાયેલી લૂંટ અને મારામારીની ફરિયાદના ચકચારભર્યા કેસમાં પાટણની સ્થાનિક સેશન્સ કોર્ટે આજે હાર્દિક પટેલ અને દિનેશ બાંભણીયાને શરતી જામીન પર મુકત કરવાનો હુકમ કર્યો હતો. પાસના નેતાઓના શરતી જામીન મંજૂર થતાં પાટીદાર સમાજમાં ખુશીની લાગણી ફેલાઇ હતી. જો કે, કોર્ટે હાર્દિક પટેલ અને દિનેશ બાંભણીયાના જામીન મંજૂર કરતાં હુકમમાં તેઓની પર કેટલીક આકરી શરતો પણ લાદી હતી. ખુદ પાટણના પાસના કન્વીનર નરેન્દ્ર પટેલે લૂંટ અને મારામારીની હાર્દિક પટેલ અને તેના સાથીઓ વિરૂધ્ધ પાટણના બી ડિવીઝન પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી. જેના અનુસંધાનમાં પાટણ બી ડિવીઝનના પોલીસ અધિકારીઓ દ્વારા થોડા દિવસ પહેલાં જ હાર્દિક પટેલની આણંદ નજીકથી જયારે દિનેશ બાંભણીયાની રાજકોટ ખાતેથી ધરપકડ કરાઇ હતી. પાસના આ બંને નેતાઓને પાટણના સમી પોલીસમથકે લાવવામાં આવ્યા હતા.

બીજીબાજુ, હાર્દિક પટેલ અને દિનેશ બાંભણીયાની ધરપકડના પગલે રાજયમાં કોઇ ઘેરા પ્રત્યાઘાત ના પડે અને કોઇ અનિચ્છનીય બનાવો ના બને તે હેતુથી રાજય પોલીસને એલર્ટ કરી દેવાઇ હતી અને તમામ પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા ખાસ સૂચનાઓ જારી કરાઇ હતી. ઉલ્લેખનીય છે કે, પાટણ જિલ્લાના પાસના કન્વીનર નરેન્દ્ર પટેલે ખુદ પાટીદાર આરક્ષણ આંદોલન સમિતિના સંયોજક હાર્દિક પટેલ અને તેના છ સાથીદારો સુનીલ ખોખરીયા, બ્રીજેશ પટેલ, ધવલ પટેલ, દિનેશ બાંભણીયા વિરૂધ્ધ લૂંટ અને મારામારીની ફરિયાદ પાટણના બી ડિવીઝન પોલીસમથકમાં નોંધાવી હતી, જેમાં નરેન્દ્ર પટેલે આરોપ લગાવ્યો હતો કે, હાર્દિક પટેલ તથા તેના સાથીદારોએ તેને પાટણની એક હોટલમાં તેને બોલાવી તેની સાથે ગેરવર્તન કર્યું હતું અને તેને માર માર્યો હતો. આ બબાલ દરમ્યાન હાર્દિક અને તેના સાથીઓએ તેના ગળામાંથી સોનાની ચેઇનની લૂંટ ચલાવી હતી.

# આજે GST કાઉન્સિલની બેઠક

નવીદિલ્હી, તા. ૮

જીએસટી કાઉન્સિલની બેઠક આવતીકાલે મળનાર છે જેમાં સામાન્ય ઉપયોગની વસ્તુઓની સંખ્યા ઉપર ટેક્સને લઈને કેટલીક બાબતો નક્કી કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત લકઝરી અને મધ્યમ કદની કાર ઉપર સેસનું પ્રમાણ પણ નક્કી કરવામાં આવનાર છે. આ ઉપરાંત જીએસટી નેટવર્કમાં આઈટી સંબંધિત મુદ્દાઓને હાથ ધરવામાં આવનાર છે. જીએસટી નેટવર્ક આડે કેટલીક દુવિધાઓ રહેલી છે. નાણામંત્રી અરુણ જેટલીના નેતૃત્વમાં જીએસટી કાઉન્સિલની બેઠક યોજાશે જેમાં

**કાર પર સેસમાં વધારો થશે : હાલ સપાટી ઉપર આવેલી ખામીઓ તરફ પણ ધ્યાન અપાશે : ઇડલી, ઢોંસા, બટર સહિત બે ડઝન વસ્તુઓ ઉપર ટેક્સના રેટમાં જીએસટી કાઉન્સિલની બેઠકમાં ઘટાડો કરવા વિચારણા થશે**

રાજ્યોના નાણામંત્રીઓ પણ ઉપસ્થિત રહેશે. ઈડલી, ઢોસા, બટર, કસ્ટર્ડ પાઉડર, કિચન ગેસ લાઈટર સહિત બે ડઝનથી વધુ વસ્તુ પર ટેક્સમાં ઘટાડો કરવાના મુદ્દા પર વિચારણા કરવામાં આવશે. હાલમાં જ આ તમામ ચીજવસ્તુઓને લઈને કેટલીક ખામીઓ સપાટી ઉપર આવી હતી. આવી સ્થિતિમાં ટેક્સમાં રહેલી ખામીઓને દૂર કરવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. કાઉન્સિલની બેઠકમાં કારોબારીઓને થઈ રહેલી તકલીફનો મુદ્દો પણ છવાશે. જીએસટી વ્યવસ્થા પહેલી જુલાઈથી અમલી કરવામાં આવી હતી. જીએસટી કાઉન્સિલની બેઠકમાં અન્ય કેટલીક દુવિધાભરી ચીજવસ્તુઓને લઈને પણ ચર્ચા કરવામાં આવનાર છે. અનબ્રાન્ડેડ ફુડ આઈટમને જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવી હતી જ્યારે બ્રાન્ડેડ અને પેકેજ્ડ ફુડ આઈટમ ઉપર પાંચ ટકા જીએસટી રેટ લાગૂ કરવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં ઘણા કારોબારીઓ ટેક્સને ટાળવાના હેતુસર તેમની બ્રાન્ડ રજિસ્ટર્ડ કરી રહ્યા ન હતા. મધ્યમ કદથી લઈને હાઈબ્રીડ સુધીની કારની રેંજ ઉપર સેસમાં વધારો ઝીંકવાના મુદ્દા ઉપર પણ આવતીકાલની બેઠકમાં નિર્ણય કરવામાં આવી શકે છે. કાઉન્સિલે પાંચમી ઓગસ્ટના દિવસે તેની છેલ્લી બેઠકમાં સેસમાં વધારો કરવાને મંજુરી આપી હતી. વટહુકમ જારી કરવામાં આવ્યો હતો. હવે કાઉન્સિલની બેઠકમાં વધારાના પ્રમાણ અંગે નિર્ણય લેવામાં આવશે.

# બિહારના મહાગઠબંધનમાં વધુ ભંગાણના એંધાણ

**કોંગ્રેસના ૨૭ ધારાસભ્ય પૈકીના ૧૯ રાહુલ ગાંધીને લાલૂ સાથે છેડો ફાડી લેવા કહી ચુક્યા છે**

પટણા,તા. ૮

બિહારમાં કોંગ્રેસ એકમમાં હાલમાં જોરદાર અસંતોષનુ મોજુ જોવા મળી રહ્યુ છે. કારણ કે કોંગ્રેસના ૨૭ ધારાસભ્યો પૈકીના ૧૯ ધારાસભ્યો આરજેડીના વડા અને બિહારના પૂર્વ મુખ્યપ્રધાન લાલુ પ્રસાદ યાદવની સાથે મહાગઠબંધનમાં રહેવા માટે તૈયાર નથી. આના ભાગરૂપે આ ૧૯ કોંગ્રેસી ધારાસભ્યોએ લાલુની સાથે છેડો ફાડી લેવા માટે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીને અપીલ કરી છે. આવી સ્થિતીમાં મહાગઠબંધનમાં રહેવાને લઈને કોંગ્રેસી ટોપ નેતાઓ સામે દબાણની સ્થિતી આવી ગઈ છે. લાલુ સાથે રહેવા માટે કોંગ્રેસના ધારાસભ્યો તૈયાર નથી. આ બાબત સપાટી પર આવ્યા બાદ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની તકલીફ વધી ગઈ છે. બિહારમાં કોંગ્રેસી ધારાસભ્યોને બચાવી લેવા માટે પાર્ટી હાઈ કમાન્ડ દ્વારા બનતા તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ કોંગ્રેસી ધારાસભ્યોનુ કહેવુ છે કે લાલુ પ્રસાદ યાદવ ક્યારેય કોંગ્રેસ માટે વિશ્વાસપાત્ર રહ્યા નથી. લાલુ પ્રસાદે મુસ્લિમ અને યાદવ વોટરોને પોતાની તરફેણમાં રાખવા સામાન્ય રીતે ઉચ્ચ જાતિના લોકોની અવગણના કરી છે. જેના કારણે છેલ્લા ૨૦ વર્ષથી કોંગ્રેસનો દેખાવ નબળો રહ્યો છે. બિહાર કોંગ્રેસમાં વિભાજન માટે ૧૯ ધારાસભ્યોની સંખ્યા પુરતી છે. સાથે સાથે અલગ થવાની સ્થિતીમાં આ ધારાસભ્યોની મેમ્બરશીપ પણ જશે નહી. કાયદાકીય રીતે આ ધારાસભ્યોને અલગ પાર્ટી અથવા તો જુથની રચના કરવા માટે ૧૮ ધારાસભ્યો હોવા જોઈએ. આના કારણે કોંગ્રેસી છાવણીમાં સનસનાટી મચી ગઈ છે. ગુજરાત બાદ હવે

● અનુસંધાન પાન-૭ પર

WORK FROM
Home/Office
પાર્ટી ટાઈમ/ફુલ ટાઈમ
● NYSE લીસ્ટેડ કંપની
● અનુભવની જરૂર નથી
● Training Provided
HARESH PATEL
98253 32949

મકાન વેચવાનું છે
સેક્ટર-૨ (એ)માં ૧૩૫ મીટરના પ્લોટમાં ૨૨૫ મીટરના બાંધકામવાળુ, કોમન પ્લોટ સામેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : ૯૮૭૯૦ ૩૧૦૫૩
(વિરલ અમીન)

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

આયુર્વેદિક દવાઓ
Himalaya ZANDU VASU NAGARJUNA BAN Dabur SANDU Charak Baidyanath પતંજલિ
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415